# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખથી એક સપ્તાહ સુધી યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં આ વખતે ફેબ્રુઆરી ૨૦૨૦માં શ્રી આનંદશંકર ધ્રુવના જન્મદિવસ નિમિત્તે તા. ૧૭થી ૨૯ ફેબ્રુઆરી દરમિયાન ગુજરાતી વિવેચનના પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં મહામંત્રી શ્રી પ્રફુલ્લભાઈ રાવલ, શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી પરીક્ષિતભાઈ જોશી, શ્રી ઇતુભાઈ કુરકુટિયા, શ્રી કાન્તિભાઈ માલસતર, શ્રી લાલુભા, શ્રી સંજયભાઈ ભાવે, શ્રી વીણાબેન રાવલ, શ્રી વિભા ત્રિવેદી, શ્રી ભારતી દેસાઈ, શ્રી માસુંગ ચૌધરી તેમજ અન્ય પુસ્તકપ્રેમી વિદ્યાર્થીઓ પ્રદર્શન જોવા આવ્યા હતા આ ઉપરાંત વાચકો અને અન્ય સાહિત્યરસિક વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો. હમેશની જેમ પ્રિવ્યૂ આપી ન્યૂઝ પ્રકાશિત કરતા મીડિયાએ પણ આ પુસ્તક પ્રદર્શનની નોંધ લીધી હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત રવીન્દ્રભવનના કાર્યક્રમમાં તા. ૫-૨-૨૦૨૦ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યે ડૉ. મહેશ ચંપકલાલે ‘માનિની’ ટાગોરના નાટકોની પ્રથમ બૌદ્ધ નાયિકા’ વિશે વ્યાખ્યાન ગૌવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું હતું.

*

ગુજરાતી સાહિત્ય પરિષદની એક પહેલ રૂપેમીરાં અને મહેન્દ્ર મહેતા (પાલો અલ્ટો, કેલિફોર્નિયા, યુ.એસ.એ.)ની સ્મૃતિમાં ડૉ. કલા મહેતા પ્રાયોજિત પ્રસંગશ્રેણી, સાહિત્યરસિકોની અરસપરસ અવલનવલ આપ-લેનો રમતિયાળ અવસર -‘આનંદની ઉજાણી...’નો ત્રીજો પ્રસંગ અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-ને આંગણે તારીખ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૦, ગુરુવારે ૧૦.૩૦ થી ૨.૩૦ દરમિયાન યોજાયો.

આ ઉજાણી ત્રણ સ્તબકમાં રહી. પહેલા સ્તબકમાં પસંદ કરેલા વિદ્યાર્થીઓ - પ્રકાશ વણકર, અબરાર રંગરેઝ, રુચિતા , મહમંદ , ધરવ બારોટ, ધ્રુવીન પટેલ, શીતલ જાદવની સર્જનાત્મક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી.

બીજા સ્તબકમાં ‘ધ થિંકર’ શિલ્પ નિમિત્તે ફ્રેંચ શિલ્પકાર ઓગસ્ટીન રોદાંના કળાવિશ્વનો પરિચય કવિ-ચિત્રકાર પ્રા. પીયૂષ ઠક્કર દ્વારા કરાવવામાં આવ્યો.

ત્રીજા સ્તબકમાં પ્રા, રમેશ ચૌધરીએ કાવ્યપાઠ કર્યો અને રાજેશ્વરી પટેલની નાટ્યકૃતિ ‘સંજીવની જળ-છળ’નો પાઠ રાજેશ્વરી પટેલ તેમજ વિભાગના વિદ્યાર્થીઓ- મહિરથસિંહ પરમાર, વિક્રમ ભરવાડ, આરતી , મિત્તલ દ્વારા કરવામાં આવ્યો.

પરિષદના પ્રમુખ આદરણીય સિતાંશુ યશશ્ચન્દ્રની વિશેષ ઉપસ્થિતિ તેમજ ઉજાણીમાં ઉપસ્થિત અન્ય સર્જકો, વિવેચકો અને ભાવકો દ્વારા સઘન કૃતિનિષ્ઠ ચર્ચા કરવામાં આવી.

❑